GJAR040008182022

રે.મુ.નં. ૧૬/૨૦૨૨

આંક :– ૧ લગત હુકમ

આ કામ નુ રેકર્ડ ધ્યાને લીધુ. આ કામે આંક –૩૨ થી તા. ૦૮–૧૦–૨૦૨૫ ના રોજ દાવાના આખરી નિર્ણય માટેના મુદ્દા ઘડેલા છે. ત્યાર બાદ પક્ષકારોને પુરાવાની નોટીસ કરવામાં આવેલ જે બજી ગયેલ છે. વાદીના વકીલશ્રી હાજર થઈ પુરાવો રજુ કરવાની મુદતની માંગણી કરતા વાદીને તેમનો પુરાવો રજુ કરવા પુરતો સમય આપવા છતા પુરાવો રજુ કરેલ નથી. વાદીને મુદતો આપવામાં આવેલ તેમ છતા વાદી હાજર રહી પુરાવો રજુ રાખેલ નથી. આમ, વાદી ને પુરતો સમય આપવા છતા અદાલતમાં પુરાવો રજુ કરવા માટે હાજર રહેલ ન હોય આજ રોજ વાદીનો વારંવાર પોકાર કરવા છતા વાદી હાજર નથી કોઈ રીપોર્ટ ના હોય વાદીની સતત ગેરહાજરીના કારણે તથા વાદી આજ દીન સુધી આટલો લાંબો સમય વિતી ગયા બાદ પણ દાવો ચલાવવાની માટેની કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. અને વાદીને દાવો આગળ ચલાવવા બાબત કોઈ રસ હોય તેમ જણાતુ ન હોય, જે સંજોગોમાં વાદીનો હાલનો દાવો તેમની સતત ગેરહાજરીમાં પુરાવો રજુ કરવામાં બેદરકારી અને નિષ્કાળજીના કારણે તેમની ગેરહાજરી અને પુરાવાના અભાવે રદ યાને ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૨૧ મી માહે અપ્રિલ સને ૨૦૨૬ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા. ૨૧–૦૪–૨૦૨૬
મેઘરજ

(હેમોરસિંહ મનુભાઈ પરમાર)
પ્રિન્સીપાલ સિનિયર સીવીલ જજ
મેઘરજ
કોડ નંબર જી જે ૦૧૨૭૬